For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મ્યુનિસિપલ કમિશનરે લેબ રિપોર્ટ્સ અને પાણી શુદ્ધિકરણ પ્રક્રિયાની ચકાસણી કરી

લો-પ્રેશર અને દૂષિત પાણીની ફરિયાદો વચ્ચે સિંધરોટ વોટર પ્લાન્ટની સમીક્ષા

ગેરકાયદે કનેક્શન અને ડાયરેક્ટ મોટરો સામે કાર્યવાહી માટે ‘વોટર સ્ક્વોડ’ કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૧૦

શહેરમાં પીવાના પાણીના લો-પ્રેશર અને દૂષિત પાણી અંગે મળતી ફરિયાદોના પગલે વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ પાણી પુરવઠા વ્યવસ્થાની સમીક્ષા હાથ ધરી છે. આ સંદર્ભે તેમણે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે સિંધરોટ વોટર પ્લાન્ટની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

મુલાકાત દરમિયાન મહી નદીમાંથી આવતાં કાચા પાણી અને શુદ્ધિકરણ બાદ વિતરણ કરવામાં આવતા પાણીના લેબોરેટરી રિપોર્ટ્સની ચકાસણી કરવામાં આવી હતી. ઉપરાંત ફિલ્ટરેશન પ્રક્રિયા, મશીનરીની કાર્યક્ષમતા અને પ્લાન્ટની જાળવણી અંગે પણ માહિતી મેળવવામાં આવી હતી. અધિકારીઓને પાણીની ગુણવત્તા અને વિતરણ વ્યવસ્થામાં કોઈ પ્રકારની બેદરકારી ન રાખવા સૂચના આપવામાં આવી હતી.

પાલિકાના જણાવ્યા અનુસાર હાલમાં શહેર માટે પૂરતો પાણી જથ્થો ઉપલબ્ધ છે અને આજવા સરોવરની સપાટી ૨૦૬ ફૂટ આસપાસ છે. ચોમાસું મોડું બેસે તેવી સ્થિતિને ધ્યાનમાં રાખીને નર્મદા નિગમ પાસે વધારાના ૩૦ MLD પાણીની માંગણી પણ કરવામાં આવી છે.

પૂર્વ અને દક્ષિણ ઝોનમાં પાણીના પ્રેશરની સમસ્યાના ઉકેલ માટે ૧૨૫ MLD ક્ષમતાની પાઈપલાઈનનું કામ ચાલી રહ્યું છે. આમાંથી ૭૫ MLD પાણી ચાલુ મહિનાના અંત સુધીમાં સિસ્ટમમાં ઉમેરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સાથે જ કેટલીક જગ્યાએ વધારાના પંપ પણ કાર્યરત કરવામાં આવી રહ્યા છે.

પાલિકાએ દૂષિત પાણીની ફરિયાદો પાછળ જૂના ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, બિનઉપયોગી લાઈનો, ગેરકાયદે કનેક્શનો અને ડાયરેક્ટ મોટર દ્વારા પાણી ખેંચવાની પ્રવૃત્તિઓને એક કારણ તરીકે દર્શાવ્યું છે. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ખાસ ‘વોટર સ્ક્વોડ’ની રચના કરવામાં આવી છે, જે ગેરકાયદે કનેક્શનો અને અનધિકૃત મોટરો સામે કાર્યવાહી કરી રહ્યું છે.

પાલિકા તંત્રના જણાવ્યા મુજબ શહેરમાં પાણી પુરવઠાની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને પૂરતું તથા ગુણવત્તાયુક્ત પાણી ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

પાણી કાપો.. પણ હેન્ડ પંપ તો આપો!

વડોદરાના વોર્ડ-૧૪માં ૧૬ હેન્ડ પંપો બંધ હોતા વિપક્ષ આક્રમક

તંત્રની લાપરવાહી સામે ઉનાળાની શરૂઆતમાં જ જનતા ત્રાસી

(પ્રતિનિધિ) વડોદરા તા.10

શહેરમાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની સમસ્યા વિકરાળ બની રહી છે, ત્યારે વડોદરાના વોર્ડ નંબર 14માં લાંબા સમયથી બંધ હાલતમાં પડેલા હેન્ડ પંપોનો મુદ્દો ભારે ગરમાયો છે. આ અંગે વિપક્ષના મહિલા કાઉન્સિલરે પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરને રૂબરૂ મળીને એક ઉગ્ર રજૂઆત કરી છે, જેમાં બંધ પડેલા 16 જેટલા હેન્ડ પંપોને તાત્કાલિક ધોરણે રીપેર કરીને શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, હાલમાં સમગ્ર શહેરમાં પાણી પુરવઠાને લઈને વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે અને જનતા પાણીના ટીપે-ટીપા માટે વલખાં મારી રહી છે. આવી કટોકટીની સ્થિતિમાં બંધ પડેલા હેન્ડ પંપો નાગરિકો પાસેથી વૈકલ્પિક પાણી મેળવવાની છેલ્લી આશા પણ છીનવી રહ્યા છે. વોર્ડ નંબર 14ના વિવિધ વિસ્તારો જેવા કે પાણીગેટ પોલીસ સ્ટેશનની સામે, ખારીવાવ રોડ, ગાજરાવાડી, નાલબંધ વાડા, મોટી છીપવાડ, બાજવાડા, રાજપુરાની પોળ, પ્રતાપ પોળ, ખેડકર ફળિયા, ગોળ ગસ્તે ખાંચો, સુલેમાની પોળ, નાની છીપવાડ, ભદ્ર કચેરી પાસે, કાલુપુરા મટન માર્કેટ, લીમવાલી મસ્જિદ-પાણીગેટ વિસ્તાર તેમજ ભાસ્કર ફળિયા સહિતના આશરે 16થી વધુ સ્થળોએ હેન્ડ પંપો બિનકાર્યક્ષમ હોવાથી સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

વિપક્ષના મહિલા કાઉન્સિલરે મ્યુનિસિપલ કોર્પોરેશનની જાળવણી અને પાણી વ્યવસ્થાપન સામે ગંભીર સવાલો ઉઠાવતા ઉમેર્યું કે, એક તરફ પીવાના પાણી માટે કકળાટ મચ્યો છે ત્યારે તંત્રની બેદરકારીને કારણે વૈકલ્પિક સુવિધા સમાન હેન્ડ પંપો ધૂળ ખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા માત્ર વોર્ડ-14 જ નહીં પરંતુ સમગ્ર શહેરના અન્ય વિસ્તારોમાં પણ બંધ પડેલા હેન્ડ પંપોની ત્વરિત ચકાસણી હાથ ધરવામાં આવે તે જરૂરી છે. જ્યાં પણ ખામી હોય ત્યાં યુદ્ધના ધોરણે મરામત કરાવીને હેન્ડ પંપો પુનઃ શરૂ કરવામાં આવે, જેથી કરીને પાણીની કટોકટીનો સામનો કરી રહેલા સામાન્ય નાગરિકોને આ કપરા સમયમાં થોડીક આંશિક રાહત મળી શકે.

બ્રિજ કામથી કેટલીક ટ્રેનો મોડી દોડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા મંડળ દ્વારા સુરત-વડોદરા રેલખંડના ઈટોલા-વરણામા વચ્ચે આવેલા બ્રિજ નં. 566 પર સ્ટીલ ગર્ડરને પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ સ્લેબથી બદલવાની કામગીરી હાથ ધરાશે. આ માટે 10, 11 અને 13 જૂનના રોજ ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવશે. જેના કારણે કેટલીક ટ્રેનોના સંચાલન પર અસર પડશે.

રેલવેના જણાવ્યા મુજબ 10 અને 11 જૂને અપ લાઈન તથા 13 જૂને ડાઉન લાઈન પર બ્લોક રહેશે. ટ્રેન નં. 04002 નિઝામુદ્દીન-દાદર એસી સુપરફાસ્ટ સમર સ્પેશિયલ અને 19020 હરિદ્વાર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ 15 મિનિટ, જ્યારે 19012 દાહોદ-વલસાડ ઈન્ટરસિટી 20 મિનિટ મોડી દોડશે. ઉપરાંત 13 જૂને 12656 ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ નવજીવન સુપરફાસ્ટ એક્સપ્રેસ 35 મિનિટ મોડી પડશે. મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનોના સમયની માહિતી ચકાસી લેવા અપીલ કરાઈ છે.

માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય અટકે નહીં

નવા જ્ઞાન સહાયકોની ભરતી ન થાય ત્યાં સુધી જૂના સહાયકોના કરાર રિન્યૂ કરવાનો આદેશ

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં શિક્ષકોની અછતથી અભ્યાસ પર પડી રહી હતી અસર

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ ગઈ હોવા છતાં જ્ઞાન સહાયકો નિમાયા ન હોવાથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડી રહી હતી. આથી રાજ્ય સરકારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

ગુજરાતની સરકારી અને બિનસરકારી અનુદાનિત શાળાઓમાં શિક્ષકોની અછતના કારણે જ્ઞાન સહાયક યોજના 2023-24થી શરૂ કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ, જ્ઞાન સહાયકોની કામગીરીનો કરાર મહત્તમ 11 મહિનાનો રહેતો હોય છે. શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આ કરાર આપોઆપ રદ થયેલો ગણાય છે. જોગવાઈના કારણે શૈક્ષણિક વર્ષ 2025-26 પૂર્ણ થતાં જ તમામ જ્ઞાન સહાયકો છૂટા થઈ ગયા હતા.

હાલ નવા શૈક્ષણિક વર્ષ 2026-27ની શરૂઆતમાં શાળાઓમાં કોઈ જ્ઞાન સહાયક કાર્યરત ન હોવાના લીધે શિક્ષણ પર ગંભીર અસર પડી રહી હતી. અનેક શાળાઓમાં મહત્વના વિષયોના શિક્ષકોની અછત સર્જાતા નિયમિત વર્ગકાર્ય અને અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી હતી. વાલીઓ અને શિક્ષણજગતે પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે સરકારે આ નિર્ણય લીધો છે.

કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો છે કે, જ્યાં સુધી શાળાઓમાં કાયમી શિક્ષકોની નિમણૂક ન થાય અથવા નવા જ્ઞાન સહાયકોની ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય, ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે વર્ષ 2025-26માં કાર્યરત તમામ જ્ઞાન સહાયકોના કરાર આગામી શૈક્ષણિક વર્ષ માટે રિન્યૂ કરવા આદેશ કરાયો છે. આ નિર્ણયને પગલે રાજ્યની સેંકડો શાળાઓમાં શિક્ષકોની અછતનો સામનો કરી રહેલા વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે અને સમયસર શિક્ષણ કાર્ય શરૂ કરી શકાશે. કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સત્તાવાર પરિપત્ર પાઠવીને જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ કરવા અંગે આદેશ આપવામાં આવ્યા છે.

વડોદરા અને પેટલાદના યુવક-યુવતીઓએ શોષણનો આક્ષેપ

રશિયામાં ફસાયેલા ભાતીયોના વીડિયો વાયરલ શોષણના આક્ષેપો સાથે વતન વાપસીની માગણી

રીમ્પલ પટેલે યુવક યુવતીઓ પાસેથી રૂપિયા લઈને રસિયા મોકલ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

રશિયામાં વડોદરા અને પેટલાદના યુવક યુવતીઓ મળી ભારતીય નાગરિકોને નોકરીના બહાને મોકલી બંધક બનાવી શોષણ કરવામાં આવતું હોવાના ચર્ચાસ્પદ મામલે સામે આવ્યો છે. પેટલાદના રીમ્પલ પટેલે રૂપિયા લઈને નોકરીના બહાને રશિયામાં મોકલ્યા હતા. ત્યારે ત્યાં ફસાઈ ગયા હોવાનું જણાવતા અનેક મહિલાઓ અને પુરુષોનો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં પીડિતોએ વચન મુજબનો પગાર ન મળતો હોવા સહિત વિવિધ પ્રકારના શોષણના ગંભીર આક્ષેપો કર્યા છે. ઉપરાંત સરકાર સામે તેમને પરત ભારત લઈ જવા માટે પણ માંગણી કરી છે.

આણંદ જિલ્લાના પેટલાદના રહેવાસી રીમ્પલ પટેલ સામે મોટી સંખ્યામાં લોકોને વિદેશમાં નોકરી અપાવવાના બહાને રશિયા મોકલ્યાના આક્ષેપો સાથે પેટલાદ રુરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે કાર્યવાહી કરીને તેની ધરપકડ કરી હતી. કોર્ટમાં રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, પરંતુ કોર્ટ દ્વારા રિમાન્ડ નામંજૂર કરાતા આરોપીને કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો છે.

આ દરમિયાન રશિયામાં ફસાયેલા હોવાનું જણાવતા ભારતીય નાગરિકોના વીડિયો સોશિયલ મીડિયામાં સામે આવ્યા છે. વીડિયોમાં મહિલાઓ અને પુરુષો પોતાની મુશ્કેલીઓ વર્ણવતા જોવા મળે છે. તેઓએ આક્ષેપ કર્યો છે કે નોકરી અને સારા પગારના વચનો આપીને રશિયા લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં પહોંચ્યા બાદ વચન મુજબની સુવિધાઓ કે પગાર મળ્યો નથી. કેટલાકે માનસિક અને આર્થિક શોષણનો પણ આક્ષેપ કર્યો છે.

વિડિયો જાહેર થતાં સમગ્ર મામલો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. તપાસ એજન્સીઓ માટે પણ આ વીડિયો મહત્વના પુરાવા બની શકે છે અને આગામી દિવસોમાં વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ રશિયામાં ફસાયેલા લોકોના પરિવારજનો પોતાના સ્વજનોની સલામત વતન વાપસી માટે સરકાર અને સંબંધિત તંત્ર સમક્ષ સતત રજૂઆતો કરી રહ્યા છે.

‘તું જાડી છે મને ગમતી નથી’ કહી પરિણીતા પર ત્રાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરામાં પિયર રહેતી 30 વર્ષીય પરિણીતાએ પોતાના પતિ, સાસુ અને સસરા સામે દહેજ માટે ત્રાસ, માનસિક અને શારીરિક હેરાનગતિ તેમજ છૂટાછેડા માટે દબાણ કર્યાની ફરિયાદ નોંધાવી છે. પરિણીતાના આક્ષેપ મુજબ લગ્ન બાદથી જ પતિએ તેની સાથે દાંપત્ય સંબંધ રાખવાનો ઈનકાર કર્યો હતો અને દહેજ ઓછું લાવ્યાના મુદ્દે સતત મહેણા-ટોણા મારી ત્રાસ આપતા હતા. વડોદરામાં માતા-પિતા સાથે રહેતી પાયલબેને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેના લગ્ન 22 એપ્રિલ, 2023ના રોજ રાજસ્થાન ખાતે કિશન ઉર્ફે પવન રાઠોડીયા સાથે હિન્દુ રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ તે અમદાવાદ સ્થિત સાસરીમાં રહેવા ગઈ હતી. જ્યાં પતિએ શરૂઆતથી જ તેની સાથે દાંપત્ય જીવન સ્વીકાર્યું નહોતું અને “તું જાડી છે, મને ગમતી નથી, તને માત્ર ઘરકામ અને કપડાં પ્રેસ કરવા માટે લાવ્યો છું” કહી અપમાનજનક વર્તન કરતો હતો. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રવેશ સમિતિ ચાર વખત પ્રક્રિયા કર્યા પછી પણ બેંક વિગત આપી નથી

મેડિકલ-ડેન્ટલના 1608 વિદ્યાર્થીઓને 2.6 કરોડનું રિફંડ લેવામાં રસ નથી

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જુદી જુદી કોલેજમાં પ્રવેશ મેળવનારા કે પ્રવેશ નહીં મળ્યો તેવા વિદ્યાર્થીઓની ફી રિફંડ કરવામાં આવતી હોય છે. પરંતુ આ રિફંડ લેવામાં વિદ્યાર્થીઓ બેદરકારી દાખવી રહ્યા છે. પ્રવેશ સમિતિ દ્વારા વારંવાર તાકીદ કરવા છતાં યુ.જી.-પી.જી.ના 1608 વિદ્યાર્થી રૂ. 2.6 કરોડનું રિફંડ લેવા ન આવતાં સમિતિએ હવે વિદ્યાર્થીઓને છેલ્લી તક આપીને 6 જૂન સુધીમાં પોતાની બેંકની વિગતો મોકલી આપવા સૂચના આપી છે.

ગતવર્ષે થયેલી પ્રવેશ પ્રક્રિયામાં નીટ આધારિત ચાર કોર્સ મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ નિયમ પ્રમાણે જે વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યો હોય તેમને રિફંડ આપવાની પ્રક્રિયા પ્રવેશ સમિતિ દ્વારા જાન્યુઆરીથી શરૂ કરી દેવામાં આવી હતી. જે પ્રમાણે રાઉન્ડ પૂરા થાય તે પ્રમાણે વિદ્યાર્થીઓને રિફંડ પરત લેવા માટેની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. પ્રવેશ સમિતિ દ્વારા જેટલા રાઉન્ડ કરવામાં આવ્યા તેટલી વખત વિદ્યાર્થીઓને રિફંડ લેવા માટે તક આપવામાં આવી હતી. મહત્વની વાત એ છે કે, વારંવાર તક આપ્યા પછી પણ છ માસ પછી પણ હાલની સ્થિતિ એવી છે કે, અંડર ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં મળીને અંદાજે 1608 વિદ્યાર્થીઓ રિફંડ લેવા માટે આવ્યા નથી અથવા તો રિફંડ લેવા માટે જે વિગતો આપવી જોઈએ તે યોગ્ય આપી ન હોવાથી રિફંડ મળ્યું નથી. સૂત્રો કહે છે કે, અંડર ગ્રેજ્યુએશન મેડિકલમાં અંદાજે 1308 અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં 307 વિદ્યાર્થીઓના રિફંડ બાકી છે. પોસ્ટ ગ્રેજ્યુએશનમાં 25 હજાર અને અંડર ગ્રેજ્યુએશનમાં 10 હજાર રૂપિયાની રકમ રિફંડ પેટે પરત લેવાની હોય છે.

આમ, કુલ 1608 વિદ્યાર્થીઓની અંદાજે રૂ. 2.6 કરોડની રિફંડની રકમ પરત લેવા માટે પ્રવેશ સમિતિ દ્વારા હવે વિદ્યાર્થીઓને છેલ્લીતક આપવામાં આવી છે. પ્રવેશ રદ કરાવનાર કે ટ્રાન્સફર કરાવનારાને નિયમ પ્રમાણે ફી રિફંડ આપવામાં આવે છે. રિફંડ વિદ્યાર્થીઓની બેંકમાં જમા થતું હોવા છતાં વિદ્યાર્થીઓ બેંકની યોગ્ય વિગત ન આપવાના કારણે પરત ચૂકવણી અટકી જતી હોવાનું પણ બહાર આવ્યું છે. ધો.12 સાયન્સના પરિણામ બાદ મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે ચાલુવર્ષે ફરીવાર લેવાનારી નીટ બાદ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. નવા વર્ષ માટે પ્રવેશ શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે સમિતિએ ચાર-ચાર પ્રયાસ કર્યા પછી પણ વિદ્યાર્થીઓ રિફંડ લેવા માટે ઉત્સુક ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

નવા નાયબ મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ દેસાઈએ સંભાળ્યો ચાર્જ

શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિક સુવિધાઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો નવનિયુક્ત ડેપ્યુટી કમિશનરનો સંકલ્પ;

(પ્રતિનિધિ) વડોદરા તા.10

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી વહીવટી બદલીઓના ભાગરૂપે

આણંદના નિવાસી અધિક કલેક્ટર તરીકે ફરજ બજાવતા વરિષ્ઠ જીએએસ અધિકારી ઋતુરાજ દેસાઈની વડોદરા મહાનગરપાલિકામાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમણે આજે પાલિકાની મુખ્ય કચેરી ખાતે સત્તાવાર રીતે પદભાર સંભાળી લીધો હતો. આ પ્રસંગે પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ તેમનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું તેમજ નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ચાર્જ સંભાળ્યા બાદ મીડિયા સાથે વાતચીતમાં ઋતુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની શહેરી વિકાસ અને જનકલ્યાણલક્ષી યોજનાઓનો અસરકારક અમલ કરવો તેમની પ્રાથમિકતા રહેશે. તેમણે કહ્યું કે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમ સાથે સંકલન સાધી શહેરના સર્વાંગી વિકાસ, પાયાની સુવિધાઓના વિસ્તરણ અને નાગરિકોની સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે કામગીરી કરવામાં આવશે. આણંદમાં નિવાસી અધિક કલેક્ટર તરીકેનો બહોળો વહીવટી અનુભવ ધરાવતા દેસાઈની નિમણૂકથી પાલિકાના વહીવટી તંત્રને વધુ મજબૂતી મળશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. તેમના આગમનથી વિવિધ વિકાસકાર્યો અને જનહિતના પ્રોજેક્ટોને વધુ ગતિ મળશે તેવી અપેક્ષા પાલિકા વર્તુળોમાં જોવા મળી રહી છે.

સસ્તામે સ્ટોક અપાવવાના બહાને યુવકને વિશ્વાસમાં લઈને બે શખ્સે ખેલ પાડ્યો

સસ્તા સ્ટોકનો સોદો પડ્યો મોંઘો..! મિત્ર એસ્ટેટ બ્રોકરના રૂ.18 લાખ ખાઈ ગયો

રોકડા રૂપિયા લઈ ગયા બાદ મિત્ર સહિત બંને શખ્સે ફોન બંધ કરી દીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરામાં ઝડપથી નફો કમાવવાની લાલચમાં એક રિયલ એસ્ટેટ એજન્ટ રૂ.18 લાખની છેતરપિંડીનો ભોગ બન્યો હોવાનો મામલો સામે આવ્યો છે. સસ્તા ભાવે બલ્ક સ્ટોક અપાવવાની લાલચ આપી મિત્રે જ વિશ્વાસઘાત કરતાં આખરે મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો છે. બાપોદ પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજવા રોડ પર આવેલી દર્શનમ હાઈટ્સ સોસાયટીમાં રહેતા અને રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા રાહુલ કમલેશભાઈ વૈષ્ણવે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ક્રિકેટ રમતી વખતે તેમની ઓળખાણ મોહિત અગ્રવાલ સાથે થઈ હતી. બંને વચ્ચે મિત્રતા વધતા શેરબજાર અને અન્ય વ્યવસાયિક તકો અંગે ચર્ચાઓ થતી હતી.

દરમિયાન મોહિત અગ્રવાલે સસ્તા ભાવે બલ્ક સ્ટોક ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરતાં રાહુલે તેની મુલાકાત વિશ્વજીતસિંહ સોલંકી સાથે કરાવી હતી. વિશ્વજીતસિંહે બજારભાવ કરતાં ઓછા ભાવે સ્ટોક અપાવવાનો દાવો કરતાં રૂ.18 લાખનો સોદો નક્કી થયો હતો. તેના જણાવ્યા મુજબ આજવા ચોકડી નજીક આવેલી રામાધણી કલેક્શન ખાતે મેહુલ સાટીયાને રોકડ રકમ સોંપવામાં આવી હતી.

રકમની ગણતરી બાદ મેહુલ સાટીયા અને રમણદીપ સિંહ સ્કોર્પિયો કારમાં નીકળ્યા હતા. જોકે, કાન્હા સિટી નજીક સિગારેટ લેવા બહાને રમણદીપને કારમાંથી ઉતારી દેવામાં આવ્યો હતો અને ત્યારબાદ મેહુલ રૂ.18 લાખની રોકડ રકમ સાથે ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ પીડિત પક્ષ દ્વારા અનેક વખત સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેના કારણે આખરે પોલીસ ફરિયાદ નોંધાવવાની ફરજ પડી હતી.

ઘટના બાદ મેહુલ સાટીયા તેમજ વિશ્વજીતસિંહ સોલંકીનો સંપર્ક કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. ફરિયાદના આધારે બંનેએ પૂર્વયોજિત કાવતરું રચી છેતરપિંડી આચરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બાપોદ પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. પોલીસે નાણાંની લેવડદેવડ અને આરોપીઓની ભૂમિકા અંગે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા પાલિકાનો ઐતિહાસિક નિર્ણય: પાલિકાના કર્મચારીઓ માટે નવો ડ્રેસ કોડ અમલમાં આવશે

બાયોમેટ્રિક બાદ હવે કર્મચારીઓ માટે ‘યુનિફોર્મ’ ફરજિયાત

નાગરિકોને કર્મચારીઓની ઓળખ સરળ બનશે, કામગીરીમાં વધશે પારદર્શિતા

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરા મહાનગરપાલિકા પ્રશાસન દ્વારા વહીવટી તંત્રને વધુ સુદ્રઢ, શિસ્તબદ્ધ અને પારદર્શક બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પાલિકામાં કર્મચારીઓની સમયપાલનતા સુનિશ્ચિત કરવા માટે બાયોમેટ્રિક હાજરી સિસ્ટમ સફળતાપૂર્વક અમલી બનાવ્યા બાદ, હવે તમામ કર્મચારીઓ માટે ફરજિયાત યુનિફોર્મનો નિયમ લાગુ કરવા જઈ રહ્યો છે. આ નવા નિયમ અનુસાર, આગામી દિવસોમાં વિવિધ વિભાગોમાં કાર્યરત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ તંત્ર દ્વારા નક્કી કરાયેલા નિર્ધારિત યુનિફોર્મમાં જ ફરજ પર હાજર રહેવું પડશે.

મહાનગરપાલિકાના આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય કચેરીઓમાં શિસ્તનું વાતાવરણ ઊભું કરવાનો અને કામગીરીની ગુણવત્તા સુધારવાનો છે. અવારનવાર સામાન્ય નાગરિકોને પાલિકાની કચેરીઓમાં સત્તાવાર અધિકારીઓ કે કર્મચારીઓને ઓળખવામાં મુશ્કેલી પડતી હોય છે, જેના કારણે કામકાજમાં વિલંબ થતો હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. નવા યુનિફોર્મ કોડના અમલીકરણથી કર્મચારીઓની ઓળખ એકદમ સરળ બની જશે. આ વ્યવસ્થાથી સામાન્ય નાગરિકો કચેરીમાં પ્રવેશતાની સાથે જ જે-તે વિભાગના કર્મચારીઓને તુરંત ઓળખી શકશે અને પોતાના કામ માટે સીધો તેમનો સંપર્ક સાધી શકશે, જેને પરિણામે નાગરિકોના સમય અને શક્તિનો બચાવ થશે.

આ ઉપરાંત, એકસરખા યુનિફોર્મથી કર્મચારીઓમાં જવાબદારીની ભાવના અને સંસ્થાપ્રતિની પ્રતિબદ્ધતા પણ વધશે. વિભાગવાર અલગ ઓળખ ધરાવતા યુનિફોર્મથી આંતરિક સંકલન વધુ સુવ્યવસ્થિત બનશે અને નાગરિક સેવાઓના ઝડપી નિકાલમાં પણ મદદ મળશે. પાલિકા તંત્ર દ્વારા યુનિફોર્મની ડિઝાઈન, રંગ અને અન્ય માપદંડોને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ આદેશનો ચુસ્તપણે અમલ થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. જો કોઈ કર્મચારી કે અધિકારી નિયત કરવામાં આવેલા ડ્રેસ કોડનું પાલન નહીં કરે અથવા યુનિફોર્મ વિના ફરજ પર ઉપસ્થિત જણાશે, તો તેમની સામે વહીવટી નિયમો અનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. પાલિકાના આ કડક નિર્ણયથી તંત્રમાં કામચોરી ઘટશે અને વ્યાવસાયિક શિસ્ત (પ્રોફેશનલિઝમ) વધશે તેવી પૂરેપૂરી સંભાવના છે. એકંદરે, બાયોમેટ્રિક બાદ યુનિફોર્મનો આ નવો નિયમ વડોદરા મહાનગરપાલિકાની કાર્યશૈલીને કોર્પોરેટ લુક આપવા તરફનું એક સરાહનીય પગલું સાબિત થઈ શકે છે.

ઓડિટ કરાવતા 45 ઇલેક્ટ્રોનિક્સ આઇટમ ગાયબ હોવાનું માલૂમ પડયુ

વિજય સેલ્સના વેરહાઉસમાં ‘ઈનસાઈડ જૉબ’નો ખેલ! રૂ.17 લાખના AC-ટીવી બારોબાર સગેવગે

ડિલિવરીના માલ સાથે વધારાના AC અને LED ટેમ્પોમાં ભરી જતા ટેમ્પો ડ્રાઇવર CCTVમાં કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરાના ભાયલી નજીક આવેલા વિજય સેલ્સના વેરહાઉસમાંથી રૂ.17.17 લાખના ઈલેક્ટ્રોનિક્સ સામાનની ચોરીનો ચોંકાવનારો ભંડાફોડ થયો છે. કંપનીના નિયમિત ઓડિટ દરમિયાન 30 એર કન્ડિશનર અને 15 LED ટીવી સ્ટોકમાંથી ગાયબ હોવાનું સામે આવતા આંતરિક તપાસ શરૂ કરવામાં આવી હતી. CCTV ફૂટેજની ચકાસણીમાં કંપનીનો જ ટેમ્પો ડ્રાઇવર માલસામાનની ચોરી કરતો હોવાનું બહાર આવ્યું છે.

ભાયલીના રહેવાસી અને વિજય સેલ્સ ઈન્ડિયા પ્રા. લિ.માં ક્લસ્ટર મેનેજર તરીકે ફરજ બજાવતા નિકુંજકુમાર પાઠકે નોંધાવેલી ફરિયાદ મુજબ, પદમલા-રણોલી સ્ટેશન રોડ સ્થિત વેરહાઉસમાંથી વડોદરાના પાંચ સ્ટોરમાં ઈલેક્ટ્રોનિક્સ સામાનનું વિતરણ કરવામાં આવે છે. ગત 22 મેના રોજ સ્ટોક ચકાસણી દરમિયાન ઓર્ડર મુજબનો માલ સિસ્ટમમાં દર્શાવાતો હોવા છતાં વેરહાઉસમાં ઉપલબ્ધ ન હોવાથી શંકા ઉપજી હતી. ત્યારબાદ 22થી 28 મે દરમિયાન હાથ ધરાયેલા ઓડિટમાં વિવિધ બ્રાન્ડના 30 AC અને 15 LED ટીવી મળી કુલ રૂ.17.17 લાખનો માલ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન CCTV ફૂટેજમાં ટેમ્પો ડ્રાઇવર દર્શન કંચન વસાવા ડિલિવરીના માલ સાથે વધારાના AC અને ટીવી પણ વાહનમાં લોડ કરતો જોવા મળ્યો હતો. ફૂટેજ મુજબ 16 માર્ચથી 2 એપ્રિલ 2026 દરમિયાન અનેક વખત આ રીતે માલ બહાર કાઢવામાં આવ્યો હતો.

ટેમ્પો ડ્રાઇવર સહિત બે ઝડપાયા

ભાયલી વિસ્તારમાં આવેલા વિજય સેલ્સના વેરહાઉસમાંથી રૂ.17.17 લાખના AC અને LED TVની ચોરી મામલે પોલીસે તપાસ તેજ બનાવી છે. તપાસ દરમિયાન ડિલિવરી ટેમ્પો ડ્રાઇવર સાથે અગાઉ વિજય સેલ્સના વેરહાઉસમાં ટેમ્પો ચલાવતા રાકેશ વણઝારાની સંડોવણી પણ બહાર આવી છે. CCTV ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે.